# અરજદારના ગુમ થયેલ તેર તોલાના સોનાના દાગીના ભરેલ બેગ ગણતરીના કલાકમા શોધી કાઢતી સુરત પોલીસ

અરજદારશ્રી ખુરશીદ અહેમદ ફીરોજભાઇ ચૌહાણ ઉ.વ.૫૫ ધંધો-ડ્રાઇવિંગ રહે-ફ્લેટ નં-૧૦૧ અહમદ પેલેસ મોરબી ટંકારા હોલની પાસે વરીયાળી બજાર લાલગેટ સુરત શહેર નાઓએ લાલગેટ પો.સ્ટે આવી જાણ કરેલ કે, તેઓ તા.૦૫/૦૯/૨૦૨૨ નારોજ સવારના આશરે ચારેક વાગ્યે પોતાની ફોરવ્હીલ ગાડીમાં બરોડા થી પરત સુરત આવેલ ત્યારે ઘરની સામે રોડ ઉપર તેઓની દાગીનાની બેગ પડી ગયેલ જેમા તેર તોલા સોનાના દાગીના હતા જે અંગે પો.સ્ટે આવી જાણ કરતા પો.ઇન્સ.શ્રી એન.એસ.બ્રહ્મભટ્ટ સાહેબ નાઓની સુચના મુજબ સદર બાબતે તેઓના રહેણાંક મકાનની આજુબાજુના સી.સી.ટી.વી.ફુટેજ ચેક કરતા સદર બેગ કોઇ અજાણી કચરો વિણનાર સ્ત્રી લઇ જતી જણાઇ આવેલ જેના આધરે સર્વેલન્સ સ્ટાફના અ.હે.કો.દિલુભા નસુભા બ.નં.૧૦૧૧ તથા અ.હે.કો.વિજયભાઇ કમાભાઇ બ.નં.૨૫૫૧ નાઓએ સી.સી.ટી.વી.ફુટેજમાં જણાયેલ મહિલાની હ્યુમન સોર્સીસ તેમજ ફુટેજ આધારે ઓળખ કરી પો.સ્ટે.લાવી પુછપરછ કરતા તેઓને મળેલ બેગ પરત આપતા અરજદારના પડી ગયેલ તેર તોલા સોનાના દાગીના ભરેલી બેગ અરજદારને પોલીસની હાજરીમાં સુપરત કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

કામગીરીમાં સામેલ પોલીસ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ.

(૧) પો.ઇન્સ.શ્રી એન.એસ.બ્રહ્મભટ્ટ.(૨) અ.હે.કો.દિલુભા નસુભા બ.નં.૧૦૧૧.(૩) અ.હે.કો.વિજયભાઇ કમાભાઇ બ.નં.૨૫૫૧ (૪)અ.હે.કો.મુકેશભાઇ કાંન્તીભાઇ બ.નં-૨૫૫.